HADIYAH هدية

# સંક્ષિપ્ત મસ્જિદે નબવીની ઝિયારતના કેટલાક આદાબ અને આદેશો

ગુજરાતી

جوغاراتی



દરેક પ્રકારની પ્રશંસા તે અલ્લાહ માટે જ છે, જે સમગ્ર સૃષ્ટિનો પાલનહાર છે, દરુદ તેમજ સલામતી ઉતરે આપણા નબી મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ પર તેમના ઘરવાળાઓ પર અને તેમના દરેક સહાબાઓ પર.

**ત્યાર પછી:**

આ સંક્ષિપ્ત કિતાબચો છે, જેમાં મસ્જિદે નબવીની ઝિયારતના કેટલાક આદાબ અને આદેશો વર્ણન કરવામાં આવ્યા છે, મસ્જિદે નબવીની ઝિયારત કરનાર માટે જે બાબતો જાણવી જરૂરી છે, તેને વર્ણન કરવા માટે અમે ઘણા ઉત્સુક છે.

અમે અલ્લાહથી દુઆ કરીએ છીએ કે તે આ કાર્યને ફક્ત તેની પ્રસન્નતા માટે કરવાની તૌફીક આપે અને તેને મુસલમાનો માટે ફાયદાકારક બનાવે.

**વૈજ્ઞાનિક કમિટી જમ્‌ઇય્યતુ ખિદમતિલ્ મુહ્તવી અલ્ ઇસ્લામી બિલ્ લુગાત્**





# સંક્ષિપ્ત
# મસ્જિદે નબવીની ઝિયારતના કેટલાક આદાબ અને આદેશો





1 મસ્જિદે નબવી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની ઝિયારત કરવી મુસ્તહબ છે, તેના માટે કોઈ નક્કી સમય નથી, હજ્જના કાર્યો માંથી પણ નથી, અને ન તો હાજીઓ માટે જરૂરી છે -ભલેને તે પુરુષ હોય કે સ્ત્રી- કે તેઓ આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની કબરની ઝિયારત કરે અથવા બકીઅની ઝિયારત કરે.

2 આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની કબરની ઝિયારત માટે સફર કરવો જાઈઝ નથી, જો કોઈ ઈબાદત માટે સફર કરે તો તે કબરની ઝિયારત ન કરે, એટલા માટે કે ઈબાદતના હેતુથી ફક્ત ત્રણ મસ્જિદો તરફ જ સફર કરી શકાય છે, **આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ કહ્યું:**

(لا تشدوا الرحال إلا إلى ثلاثة مساجد: مسجدي هذا، والمسجد الحرام، والمسجد الأقصى)

(ત્રણ મસ્જિદો સિવાય કોઈ મસ્જિદ માટે સફર કરવામાં ન આવે: ત્રણ મસ્જિદો મસ્જિદ અર્થાત્ મસ્જિદે નબવી, મસ્જિદે હરામ અને મસ્જિદે અકસા) આ હદીષને ઇમામ બુખારી રહિમહુલ્લાહએ રિવાયત કરી છે, હદીષ નંબર: (૧૧૮૯), અને ઈમામ મુસ્લિમ રહિમહુલ્લાહએ પણ રિવાયત કરી છે, હદીષ નંબર: (૮૨૭), અને શબ્દો મુસ્લિમના છે. જે વ્યક્તિ મદીનહથી દૂર હોય, તેના માટે કબરની ઝિયારતના હેતુથી સફર કરવો જાઈઝ નથી, પરંતુ મસ્જિદે નબવીની ઝિયારતના હેતુથી સફર કરવો જાઈઝ છે, જ્યારે ત્યાં પહોંચી જાય તો આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની કબરની ઝિયારત અને સહાબાઓની કબરની ઝિયારત કરી લે, કબરની ઝિયારતને મસ્જિદે નબવીની ઝિયારતમાં શામેલ કરી છે.

3 જ્યારે મસ્જિદે નબવીમાં પ્રવેશ કરો તો મુસ્તહબ છે કે જમણો પગ મૂકી આ દુઆ પઢો : (અલ્લાહુમ્મફ તહલી અબ્વાબ રહમતિક) અર્થ: હે અલ્લાહ ! તું મારા માટે રહમતના દરવાજા ખોલી નાખ, જેવું કે અન્ય દરેક મસ્જિદમાં પ્રવેશ કરતી વખતે આ દુઆ પઢવામાં આવે છે.

4 આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની મસ્જિદમાં પ્રવેશ કરતી વખતે બીજી કોઈ ખાસ દુઆ સાબિત નથી.

5 ત્યાર પછી બે રકઅત તહય્યતુલ્ મસ્જિદ પઢવી જોઈએ.

6 જો તે પ્રતિબંધિત સમય ન હોય તો જેટલી ઈચ્છે, નફિલ નમાઝ બે બે કરીને પઢી શકે છે; આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ કહ્યું:

(صلاة في مسجدي هذا خير من ألف صلاة فيما سواه إلا المسجد الحرام)

(મારી આ મસ્જિદમાં પઢવામાં આવેલ નમાઝ મસ્જિદે હરામ સિવાય અન્ય મસ્જિદો કરતા, એક હજાર નમાઝ બરાબર દરજ્જો ધરાવે છે) આ હદીષને ઈમામ બુખારી રહિમહુલ્લાહએ રિવાયત કરી છે, હદીષ નંબર: (૧૧૯૦), અને ઈમામ મુસ્લિમ રહિમહુલ્લાહએ રિવાયત કરી છે, હદીષ નંબર: (૧૩૯૪).






7 એવી જ રીતે તેમણે રવઝહમાં નમાઝ પઢવાનો પ્રયત્ન કરવો જોઈએ, અને તે જગ્યા આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના મિન્બર અને તેમના હુજરા (ઓરડા)ની વચ્ચેની જગ્યા છે, જો શક્ય હોય તો; કારણકે આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમનું વર્ણન છે: (ما بين بيتي ومنبري روضة من رياض الجنة)

**(મારા ઘર અને મારા મિન્બર વચ્ચેની જગ્યા જન્નતના બગીચાઓ માંથી એક બગીચો છે)** આ હદીષને ઈમામ બુખારી રહિમહુલ્લાહએ રિવાયત કરી છે, હદીષ નંબર: (૧૧૯૫), અને ઈમામ મુસ્લિમ રહિમહુલ્લાહએ રિવાયત કરી છે, હદીષ નંબર: (૧૩૯૦). જો શક્ય ન હોય તો મસ્જિદમાં કોઈ પણ જગ્યાએ ઉભા રહી નમાઝ પઢી લો, અને આ આદેશ જમાઅત વગર છે, જો નમાઝ માટે જમાઅત ઉભી હોય, તો તેણે ઇમામની નજીક ઉભા રહી પહેલી સફનું ધ્યાન રાખવું જોઈએ, આદેશોને ધ્યાનમાં રાખીને આ વાત વર્ણન કરવામાં આવી છે.

## 8 અને જ્યારે આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની કબર અને બન્ને સહાબાઓની કબરની ઝિયારત કરવાનો ઈરાદો કરો તો:




અને આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની કબર સામે વિનમ્રતા સાથે અત્યંત આજીજી પૂર્વક અને શાંત ઉભા રહેવું જોઈએ, ત્યારબાદ તેમના પર સલામ પઢવું જોઈએ અને કહેવું: ("અસ્સલામુ અલૈક યા રસૂલુલ્લાહ વરહ્મતુલ્લાહિ વ બરકાતુહુ" અર્થ: હે અલ્લાહના પયગંબર! તમારા પર અલ્લાહની સલામતી તેની રહમતો અને બરકતો ઉતરે), અને જો આ શબ્દો કહો: **("અશ્હદુ અન્નક રસૂલુલ્લાહિ હક્કન, વ અન્નક કદ બલ્લગતર્ રિસાલત, અદ્ દયતલ્ અમાનત, વ જાહદત ફિલ્લાહિ હક્ક જિહાદિહી, વ નસહતલ્ ઉમ્મત, ફજઝાકલ્લાહુ અન્ ઉમ્મતિક અફ્ઝલ મા જઝા નબીયન્ અન્ ઉમ્મતિહી" અર્થ: હું ગવાહી આપું છું કે આપ અલ્લાહના સાચાં રસૂલ છો, આપે અમારા સુધી સંદેશ પહોંચાડી દીધા, આપે અમાનત સંપૂર્ણ રીતે અદા કરી, અને જે પ્રમાણે અલ્લાહના માર્ગમાં મહેનત કરવી જોઈએ આપે કરી, આપે ઉમ્મતને નસિંહત કરી, આપની ઉમ્મત તરફથી અલ્લાહ આપને  તે બદલો આપે જે બદલો અન્ય નબીઓને તેમની કોમ તરફથી મળ્યો)** આ દુઆ પઢવામાં કોઈ વાંધો નથી.

هدية HADIYAH

B.પછી સહેજ જમણી તરફ ફરી અબૂ બકર સિદ્દીક રઝી અલ્લાહુ અન્હુને સલામ કરવું.

C.ત્યાર પછી સહેજ જમણી બાજુ ફરી ઉમર બિન ખત્તાબ રઝી અલ્લાહુ અન્હુને સલામ કરવું, જ્યારે અબ્દુલ્લાહ બિન ઉમર રઝી અલ્લાહુ અન્હુમા આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમને અને તેમના બન્ને સાથીઓને સલામ કરતા, તો ફક્ત આ જ શબ્દો વડે સલામ કરતા: (અસ્સલામુ અલૈક યા રસૂલુલ્લાહ, અસ્સલામુ અલૈક યા અબા બકર, અસ્સલામુ અલૈક યા અબતાહુ") ત્યાર પછી ત્યાંથી નીકળી જતા.

D.અને સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ અને તેમના બન્ને સાથીઓની કબર પર લાંબા સમય સુધી ઉભા રહેવું અને ત્યાં દુઆઓ કરવી યોગ્ય નથી, ઇમામ માલિક રહિમહુલ્લાહએ નાપસંદ કર્યું છે, અને કહ્યું: **આ કાર્ય બિદઅત છે, જે સલફથી સાબિત નથી, જે પ્રથમ સદીના સલફથી સાબિત ન હોય તે કાર્ય ક્યારેય અંતિમ સદીના લોકોમાં સાબિત થઈ શકતું નથી.**

E.કેટલાક ઝિયારત કરનાર જોરજોરથી અવાજ કરતા હોય છે અને લાંબા સમય સુધી ઉભા રહેતા હોય છે, આ શરીઅત વિરુદ્ધ કાર્ય છે; અલ્લાહ તઆલાએ કહ્યું:

(يا أيها الذين آمنوا لا ترفعوا أصواتكم فوق صوت النبي ولا تجهروا له بالقول كجهر بعضكم لبعض أن تحبط أعمالكم وأنتم لا تشعرون ، إن الذين يغضون أصواتهم عند رسول الله أولئك الذين امتحن الله قلوبهم للتقوى لهم مغفرة وأجر عظيم*إن الذين يغضون أصواتهم عند رسول الله أولئك الذين امتحن الله قلوبهم للتقوى لهم مغفرة وأجر عظيم)

(હે ઇમાનવાળાઓ! પોતાના અવાજને પયગંબરના અવાજથી ઊંચો ન કરો, અને ન તો તેમની સાથે ઊંચા અવાજથી વાત કરો, જેવી રીતે કે અંદર અંદર એકબીજા સાથે કરો છો, ક્યાંક (એવું ન થાય કે) તમારા કર્મો બરબાદ થઇ જાય અને તમને ખબર પણ ન પડે, નિ:શંક જે લોકો પયગંબર સાહેબની સામે પોતાના અવાજને નીચો રાખે છે, આ જ તે લોકો છે, જેમના હૃદયોને અલ્લાહએ સંયમતા માટે પારખી લીધા છે, તેમના માટે માફી છે અને ભવ્ય બદલો છે) [અલ્ હુજુરાત: ૨-૩]

F. તેથી આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની કબર પર લાંબા સમય સુધી ઉભા રહેવું, વારંવાર સલામ કરતા રહેવું, ભીડ કરવી, ચીસો પાડવી, બુમો પાડવી, આ કાર્યો અલ્લાહ તઆલાએ વર્ણવેલ આયત પ્રમાણે તદ્દન ખોટા અને વિરોધી છે, અને આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ જીવિત હતા ત્યારે પણ અને મૃત્યુ થયા પછી પણ પ્રતિષ્ઠિત વ્યક્તિ છે, એક મોમિન માટે જાઇઝ નથી તે કોઈ એવું કાર્ય કરે, જે શરીઅત વિરુદ્ધ હોય.

G. એવી જ રીતે કેટલાક ઝિયારત કરનાર તેમની કબ્ર પાસે મોઢું કરી અને જોર જોરથી હાથ ઉઠાવી દુઆ કરતા હોય છે, આ દરેક જ શરીઅત વિરુદ્ધ કાર્યો છે, જે ન તો આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના સાથીઓએ કર્યું હોય અને ન તો ત્યાર પછી સલફે સાલીહીને કર્યું, જો કે આ તદ્દન ગઢી કાઢેલી બિદ્અત છે.

H. એવી જ રીતે કેટલાક ઝિયારત કરનાર પોતાના ડાબા હાથ પર જમણો હાથ છાતી પર અથવા નાભીની નીચે મૂકી ઉભા રહે છે, જે પ્રમાણે નમાઝ પઢતી વખતે ઉભા હોય છે, આ પ્રમાણે આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની કબર પર ઉભા રહેવું જાઇઝ (યોગ્ય) નથી; કારણકે આ સ્થિતિ આજીજી અને ઈબાદત માટે હોય છે, જે અલ્લાહ સિવાય કોઈની પણ સામે આ પ્રમાણે ઉભા રહેવું જાઇઝ નથી, જેવું કે હાફિઝ ઈબ્ને હજર રહિમહુલ્લાહએ ફતહુલ્ બારીમાં આલિમોના મંતવ્ય પ્રમાણે કહ્યું છે.

I.કોઈના માટે પણ હુજરા (ઓરડા)ને સ્પર્શ કરવું, અથવા હુજરા (ઓરડા)નો તવાફ કરવો તેમજ આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ સામે જરૂરિયાત માટે દુઆ કરવી, અથવા બીમાર માટે શિફાની દરખાસ્ત કરવી, આ પ્રમાણેના કોઈ પણ કાર્ય અથવા ઈબાદત જાઈઝ નથી, કારણકે આ પ્રમાણે ઈબાદત ફક્ત એક અલ્લાહ સમક્ષ જ કરી શકાય છે.

J.સ્ત્રી માટે જાઈઝ (યોગ્ય) નથી કે તે આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની કબર અથવા અન્ય કોઈની પણ કબરની ઝિયારત કરે; કારણકે આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ કબરોની ઝિયારત કરનાર સ્ત્રીઓ પર લઅનત કરી છે, તેમની તરફથી થતાં કાર્યોના કારણે જેમકે રડવું, માતમ કરવું પોતાને મારવું, પરંતુ તેઓ આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ પર મસ્જિદમાં અને અન્ય કોઈ પણ જગ્યાએથી દરૂદ મોકલી શકે છે, અને તેઓ જ્યાંથી પણ આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ પર દરૂદ પઢશે, તો દરૂદ આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ સુધી પહોંચાડવામાં આવે છે; કારણકે આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ કહ્યું:

(لا تجعلوا بيوتكم قبوراً، ولا تجعلوا قبري عيداً، وصلُّوا عليَّ فإن صلاتكم تبلغني حيث كنتم)

(પોતાના ઘરોને કબ્રસ્તાન ન બનાવો અને મારી કબરને મજાર ન બનાવો (કે લોકો ત્યાં ભેગા થાય) અને મારા પર દરુદ મોકલતા રહો, કારણકે તમે જ્યાંથી પણ મારા પર દરૂદ પઢશો, તે મારા સુધી પહોંચાડવામાં આવશે),અને આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમમે કહ્યું:

(إن لله ملائكة سياحين في الأرض يبلغوني من أمتي السلام).

(નિ:શંક અલ્લાહ તઆલાના કેટલાક ફરિશ્તાઓ છે, જેઓ જમીન પર ફરે છે, તેઓ મારા સુધી મારી ઉમ્મત તરફથી આવતા દરુદને મારા સુધી પહોંચાડે છે).

هدية HADIYAH

9 મદીનહ આવનાર વ્યક્તિ માટે મુસ્તહબ છે કે તેઓ મસ્જિદે કુબા જાય અને બે રકઅત નમાઝ પઢે; કારણકે આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ સવારી પર તેમજ ચાલતા પણ કુબા આવતા અને બે રકઅત નમાઝ પઢતા હતા, સહલ બિન્ હનીફ રઝી અલ્લાહુ અન્હુ રિવાયત કરે છે કે આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ કહ્યું:

(من تطهر في بيته ثم أتى مسجد قباء فصلى فيه صلاةً كان له كأجر عمرة).

**(જે વ્યક્તિ પોતાના ઘરેથી વઝુ કરી મસ્જિદે કુબા આવે અને ત્યાં નમાઝ પઢે તો તેને ઉમરહ કરવાનો સવાબ મળશે).**



10 પુરુષો માટે બકીઅમાં કબરોની ઝિયારત કરવી સુન્નતછે, તે મદીનહનું કબ્રસ્તાન છે, ત્યાં શહીદોની કબરો છે, હમઝહ રઝી અલ્લાહુ અન્હુની કબર છે; કારણકે આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ તેમની ઝિયારત કરતા હતા અને તેમના માટે દુઆ કરતા હતા, આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ કહ્યું:

(كنت نهيتكم عن زيارة القبور، فزوروها فإنها تذكركم الآخرة)

(મેં તમને કબરોની ઝિયારત કરવાથી રોક્યા હતા, પરંતુ હવે તમને આદેશ આપું છું કે તમે ઝિયારત કરો: કારણકે તે તમને આખિરતની યાદ અપાવે છે) અને જ્યારે તેમની ઝિયારત કરો તો જે પ્રમાણે અન્ય કબરોની ઝિયારત કરતા દુઆ પઢવામાં આવે છે તે જ દુઆ ત્યાં પણ પઢવામાં આવશે: ("અસ્સલામુ અલૈકુમ અહલદ્ દિયાર, મિનલ્ મુઅમિનીન વલ્ મુસ્લિમીન, વ ઈન્ના ઇન્ શાઅ અલ્લાહુ બિકુમ લાહિકુન વ યરહમલ્લાહુલ્ મુસ્તકદિમીન મિન્ના વલ્ મુસ્તઅખિરીન, નસ્અલુલ્લાહ લના વ લકુમલ્ આફીયહ" અર્થ: હે મોમિનો અને મુસલમાનોના ઘરના લોકો! તમારા પર સલામતી થાય, ઇન્ શાઅ અલ્લાહ તમારી સાથે અમે મળીશું, અને અમે અલ્લાહ પાસે અમારા અને તમારા માટે આફિયતનો સવાલ કરીએ છીએ).

11 એમાં કોઈ શંકા નથી કે કબરોની ઝિયારત આખિરતની યાદ તેમજ મૃતકો માટે મગફિરત માટેની દુઆ કરીને તેમની સાથે સદ વ્યવહાર કરવાનો હેતુ દર્શાવે છે, તેમજ **આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમનું અનુસરણ કરવું** અને આ ઝિયારત શરીઅત પ્રમાણે ગણવામાં આવશે.



12 કબરોની ઝિયારત કરવાનો હેતુ જો પાસે નમાઝ પઢવાનો, અથવા તેમની પાસે પોતાની જરૂરત માટે સવાલ કરવો અથવા તેમની પાસે દરજ્જાની માંગણી કરવી, તો આ પ્રમાણેના કાર્યો અને ઝિયારત બિદઅત અને અવેધ ગણાશે, જેને ન તો અલ્લાહએ યોગ્ય ગણ્યું છે અને ન તો આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ અને ન તો સલફે સાલીહીનને પરંતુ તેમની પાસે પોતાની જરૂરિયાત માંગવી તેમજ બીમારી માટે શિફાનો સવાલ કરવો અને આ પ્રમાણેના કાર્યો શિર્કે અકબર ગણવામાં આવશે.



**વ્હાલા વાંચકો, આપની સમક્ષ આ બાબતે કેટલીક ગઢી કાઢેલી હદીષો વર્ણન કરવામાં આવે છે, જેથી તમે તેને જાણી શકો અને ખોટા માર્ગથી બચી શકો:**

- પહેલી હદીષ: (જેણે હજ્જ કર્યું અને મારી ઝિયારત ન કરી તો તેણે મને અળગો કરી દીધો).
- બીજી હદીષ: (જે વ્યક્તિએ મારા મૃત્યુ પછી મારી ઝિયારત કરી, તો તેણે એવી જ રીતે ઝિયારત કરી જેમકે મારી જીવતા મારી ઝિયારત કરી).
- ત્રીજી હદીષ: (જે વ્યક્તિ એક વર્ષમાં મારી અને મારા પિતા ઇબ્રાહિમ અલૈહિસ્ સલામની ઝિયારત કરશે, તો હું તેને અલ્લાહ તરફથી જન્નતની ખાતરી આપું છું).
- ચોથી હદીષ: (જેણે મારી કબરની ઝિયારત કરી, તો તેના માટે મારી શફાઅત (ભલામણ) નક્કી થઈ ગઈ).

**આ પ્રમાણેની હદીષો અને આના જેવી અન્ય હદીષો આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ દ્વારા સાબિત નથી, હાફિઝ ઉકૈલી રહિમહુલ્લાહએ કહ્યું: આ વિશે કોઈ સાચી હદીષ મળતી નથી, હાફિઝ ઈબ્ને હજર રહિમહુલ્લાહએ તલ્ખીસમાં -આ દરેક રિવાયતો વર્ણન કરી- કહ્યું: -આ વિશે વધારે પડતી રિવાયતો અને તેના દરેક સ્રોત ઝઇફ (કમજોર) હોય છે. હજ્જ પહેલા અથવા પછી, ઉમરહ પહેલા અથવા પછી મસ્જિદે નબવીની ઝિયારત કરવી સુન્નત નથી, ન તો તે તેને પૂર્ણ કરનાર કાર્યો માંથી છે; કારણકે મસ્જિદે નબવીની ઝિયારત કરવી સામાન્ય રૂપે મુસ્તહબ (યોગ્ય) છે; જો કોઈ હાજી અથવા ઉમરહ કરનાર વ્યક્તિ તેની ઝિયારત ન કરે, તો તેના પર કોઈ ગુનોહ નથી, હજ્જ, ઉમરહ અને મસ્જિદે નબવીની ઝિયારતનો એકબીજા સાથે કોઈ સંબંધ નથી; કારણકે દરેક અલગ અલગ ઈબાતો છે, બસ જે વ્યક્તિ હજ્જ અથવા ઉમહ કરે તેના માટે મસ્જિદે નબવીની ઝિયારત કરવી જરૂરી નથી, એવી જ રીતે જે વ્યક્તિ મસ્જિદે નબવીની ઝિયારત કરે, તેના પર હજ્જ અને ઉમરહ કરવું જરૂરી નથી, એવી જ રીતે જે વ્યક્તિ હજ્જ, ઉમરહ અને મસ્જિદે નબવીની ઝિયારત એક જ સફરમાં કરે તો પણ કઈ વાંધો નથી.**

HADIYAH

# મસ્જિદે નબવીની ઝિયારત માટેની કેટલીક ભૂલો

1. આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની કબરની ઝિયારત કરતી વખતે તેની દીવાલો, લોખંડની સાકળોને સ્પર્શ કરવું તેમજ તે જગ્યાને બરકતનો સ્ત્રોત સમજી દોરો બાંધવો, વગેરે.

   બરકત માટેનો સ્ત્રોત અલ્લાહ અને તેના પયગંબર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ વર્ણવેલ શરીઅતનો સ્વીકાર કરવામાં છે, બિદ્અતનું અનુસરણ કરવામાં નહીં.

2. ઉહદ પર્વતની ગુફાઓમાં જવું, એવી જ રીતે મક્કહમાં ગારે હિરા અને ગારે ષોર પાસે જવું અને ત્યાં જઈ દોરા વડે કંઈકને કંઈક અમલ કરવો, અને એવા શબ્દો દ્વારા દુઆ કરવી, જેનો શરીઅતમાં કોઈ ઉલ્લેખ નથી, અને અલ્લાહએ તેની પરવાનગી પણ ન આપી હોય, અને આ દરેક માટે પીડા સહન કરવી.

**આ દરેક વસ્તુ બિદ્અત છે, પવિત્ર શરીઅતમાં તેનો કોઈ ઉલ્લેખ નથી.**



3 કેટલીક જગ્યાઓની ઝિયારત કરવી, અને સમજવું કે તે આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની નિશાનીઓ માંથી છે, જેવું કે ઊંટ બેસવાની જગ્યા, ખાતમ નામનો કૂવો અથવા ઉષ્માન રઝી અલ્લાહુ અન્હુનો કૂવો અને આ બધી જગ્યાઓ પરથી માટીને બરકતનો સ્ત્રોત સમજી ઉઠાવવી.

4 બકીઅ કબ્રસ્તાન અને ઉહદના શહીદ સહાબાઓની કબર પર ઝિયારત કરતી વખતે તેમની નિકટતા પ્રાપ્ત કરવા તેમજ ઘરવાળાઓ માટે બરકતનો સ્ત્રોત સમજી સિક્કાઓ ફેકવા.

આ દરેક ગંભીર ભૂલો છે, પરંતુ જ્ઞાની લોકોએ તેને શિર્કે અકબર કહ્યું છે, અને તેના પર અલ્લાહની કિતાબ અને સુન્નત માંથી દલીલ પણ મળે છે; કારણકે ઈબાદત ફક્ત એક અલ્લાહની જ કરવામાં આવશે, કોઈ પણ વસ્તુની વ્યવસ્થા અન્ય માટે સાબિત કરવી જાઈઝ નથી, જેવું કે દુઆ, ઝબેહ, નઝર અને આ પ્રમાણેની દરેક ઈબાદતો: અલ્લાહ તઆલાએ કહ્યું:

(وَمَا أُمِرُوا إِلَّا لِيَعْبُدُوا اللَّهَ مُخْلِصِينَ لَهُ الدِّينَ)

(અને તેમને આદેશ તો એ જ આપવામાં આવ્યો હતો કે તેઓ અલ્લાહની ઈબાદત એવી રીતે કરે કે બંદગી તરફ એકત્રિત થઇ ફક્ત તેના માટે જ કરે) [અલ્ બય્યિનહ: ૫].

**અલ્લાહ ખૂબ જાણવાવાળો છે, અલ્લાહની કૃપા અને સલામતી આપણા નબી મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમપર અને તેમના સંતાન પર અને તેમના દરેક સાથીઓ પર.**



HADIYAH
HAJI & MU'TAMR'S GIFT

هدية
هدية الحاج والمعتمر

www.hadiyah.org.sa